### સાયક્લોનિક સર્ક્યુલેશનની બે સિસ્ટમ સક્રિય થતા

# બનાસકાંઠા-સાબરકાંઠાના વાતાવરણમાં પલટો

## કમોસમી માવઠાની આગાહીને પગલે ખેડૂતોના જીવ તાળવે ચોટયા : ખેડૂતો અને વેપારીઓ પોતાનો માલ સુરક્ષિત રાખવા દોડધામ

વર્ષ-૨૦૨૧ના પ્રારંભે જ ગુજરાતને માવઠાનો સામનો કરવો પડી શકે છે. ૧ જાન્યુઆરીથી ઉત્તર અરેબિયન સમુદ્રમાં મધ્યકક્ષાએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો ટ્રફ રચાવવાનું શરૂ થઈ ગયું છે. ૨જી જાન્યુઆરીએ બીજું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જે આ ટ્રફને વધુ મજબૂત બનાવતાં રાજ્યના અનેક જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં માવઠું થવાની આગાહી કરતા સંભાવનાને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસની સરખામણીએ ઠંડીમાં સાધારણ ઘટાડો થયો છે.



એક સાથે સાયક્લોનિક સર્ક્યુલેશનની બે સિસ્ટમ સક્રીય થતા ઉત્તર ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો આવ્યો છે, આકાશે વાદળો ગોરંભાતાં ખેડૂતો ચિંતીત બન્યા છે, હવામાન વિભાગે પણ હળવો વરસાદ પડે તેની સંભાવના વ્યક્ત કરી છે ત્યારે હળવા વરસાદની સંભાવનાને પગલે ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. વરસાદની સંભાવનાને પગલે ઉત્તર ગુજરાતના માર્કેટયાર્ડમાં ખેડૂતોને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે તકેદારી રાખવા જાણકારી આપવામાં આવી છે. ગત વર્ષે કમોસમી વરસાદને લીધે ઉત્તર ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડ્યો હતો.

અરવલ્લી જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલના જણાવ્યા મુજબ આ કમોસમી વરસાદની સંભાવનાઓને લઈ ખેડૂતો એ જે કપાસ કાઢેલ હોય અને દિવેલાની માળ દેવાની હોય તે વણી લેવા સુરક્ષિત જગાએ રાખવા અને ખેતર, ગોડાઉન કે ઘર - પરસાળમાં ખુલ્લામાં પડેલ ખેતપેદાશોને સલામત સ્થળે ખસેડી લેવી. પુરવઠા વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રો તેમજ યાર્ડોમાં ખુલ્લામાં પડેલ જણસો તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડી લેવી અને આ વરસાદ સાથે વાવાઝોડાની પણ આગાહી કરાયેલ હોય મોબાઈલ ફોન, ટોર્ચ હાથ વગા રાખવા અને આગામી ૩ દિવસ દરમ્યાન ખેડૂતો, પ્રજાજનો અને વેપારીઓએ જરૂરી કાળજી રાખવી એમ જણાવાયું છે.

ફરી એકવાર જગતના તાત માટે આફત ની આગાહી આવી છે. બે ત્રણ અને ચાર જાન્યુઆરીએ કમોસમી વરસાદની આગાહીને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. સાથે સાથે ખેડૂતો પણ પોતાના મહામૂલા પાકો તેમજ ઘાસચારાને બચાવવાના માટે સાવચેતી રાખવાની તૈયારી કરી રહ્યા છે.



હવામાન વિભાગની આગાહી ને લઈને ઉત્તર ગુજરાતના ખેડૂતો ચિંતીત બન્યા છે. બે ત્રણ અને ચાર જાન્યુઆરીએ કમોસમી વરસાદની આગાહી છે. ખેડૂતોના ખેતરમાં ઘઉ, ચણા, એરંડા, કપાસ, પપૈયા, બટાકા જેવા પાકોની પણ વાવણી થઈ છે. બીજી બાજુ ખેડૂતોના પશુ પાલન માટે ઘાસ ચારો હોય એ પણ ખુલ્લામાં રાખેલો હોય છે. માર્કેટ યાર્ડ અને અનાજના ગોડાઉનમાં પણ માલ પડયો હોય છે. ત્યારે વહીવટીતંત્રે કમોસમી વરસાદની આગાહીને લઈને જિલ્લાના તમામ અધિકારીઓને એલર્ટ રહેવાની સૂચના આપી છે. સાથે સાથે ખેડૂતને પણ પોતાનો માલ સાચવવા માટે અપીલ કરી છે.

જિલ્લામાં આવેલી માર્કેટ યાર્ડમાં ખેડૂતો પોતાના માલ વેચવા આવતા હોય છે. અને વેપારીઓ આ માલનો સંગ્રહ કરતા હોય છે. ત્યારે માર્કેટયાર્ડ તેમજ અનાજના ગોડાઉનમાં ખેડૂતોનો માલ બગડી ન જાય અથવા તો સરકારી માલ પણ ગોડાઉનમાં બગડી ન જાય જેને લઈને વહીવટી તંત્રે વેપારીઓને પણ સૂચના આપી છે કે, આ માલ ને તાડપત્રી અથવા અન્ય વસ્તુથી ઢાંકી અને માલ નું રક્ષણ કરે. ત્યારે ગંજ બજારમાં વેપારીઓએ રાખેલા માલને તાડપત્રી ઢાંકી તેમજ અન્ય સુરક્ષીત જગ્યાએ રાખી વરસાદ માં કોઈ નુકશાન ના થાય તે માટે પ્રયત્નો પણ કરી રહ્યા છે.

કમોસમી વરસાદની આગાહી લઈને તંત્ર દ્વારા ખેડૂતો ને પણ સાવચેતી રાખવા માટે અપીલ કરાઈ છે. આગાહી ના પગલે ખેડૂતો પણ ચિંતિત બન્યા છે. તેમના ખેતરમાં ઘઉ, ચણા, એરંડા, બટાકા, પપૈયા જેવા પાકો સહિત પશુ ઓ માટે ખુલ્લામાં રાખેલા ઘાસચારાને તાડપત્રી ઢાંકી રક્ષણ આપવાના પ્રયત્નો કરી રહ્યા છે. જો કે ખેડૂતોએ અત્યારે પોતાના પાક તેમજ ઘસ ચારા ને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ આખરે તો આ સમગ્ર પ્રકૃતિ નો આધાર કુદરત પર છે અને ખેડૂત કુદરત પર આધાર રાખી રહ્યા છે.

# વડગામમાં આવેલ પૌરાણિક વાવનુ સફાઈ અભિયાન હાથ ધરાયું

## ગ્રામ પંચાયત દ્વારા વાવની સાફ સફાઇ કરાઇ

વડગામ,

વડગામ માં રાધા કૃષ્ણ મંદિરની પાછળ પૌરાણિક વાવ પાસે આવેલી છે. જે વાવની ગ્રામ પંચાયત



દ્વારા સાફ સફાઇ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વડગામ પંચાયત ના સરપંચશ્રી, સદસ્યો, અને તલાટી કમ મંત્રી શ્રી હાજર રહ્યા હતા.

તાલુકા મથક વડગામ માં રાધા કૃષ્ણ મંદિર પાસળ વરસો જૂની વાવ આવેલી છે. જિલ્લા કલેક્ટર દ્વારા બનાસકાંઠા માં આવેલ પૌરાણિક વાવો ના વિકાસ માટે માહિતી મંગાવામા આવી છે.વડગામ માં આવેલ પૌરાણિક વાવના વિકાસ માટેની માહિતી મંગાવતાં બનાસકાંઠા કલેક્ટર દ્વારા વડગામ મલતદાર ડી.એમ.પરમાર ને આદેશ કરતાં વડગામ મામલતદાર દ્વારા વડગામ ગ્રામ પંચાયતના સરપંચ ભગવાનસિહ પી સોલંકી ને જાણ કરવામાં આવી હતી. જેને લઈ વડગામ સંરપચ દ્વારા તાલુકા મથકે આવેલ પૌરાણિક વાવની સાફ સફાઈ કરાવાઈ હતી. વાવની સફાઈની કામગીરી હાથ ધરતાં વડગામમ પંચાયતના ના ડે, સં. ભીખાભાઈ પ્રજાપતિ, તલાટી એમ કે આસેડીયા,સભ્ય પરબતખાન બિહારી, ડાયાભાઈ દ્વારા વાવની સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## બનાસકાંઠામાં કોરોનાના માત્ર ૦૮ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હવે ધીરે ધીરે શાંત થતા કોરોનાની ગતિ મંદ પડતી જાય છે. ત્યારે શનિવારે તો કોરોનાના માત્ર ૦૮ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૯૭ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના માત્ર ૦૮ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં દાંતા ૦૧, અને ગાંધી લિંકન ૦૪ (કાંકરેજ ૦૪), બનાસ મેડિકલમાં ૦૨ (પાલનપુર ૦૨), આદર્શ ૦૧ (દાંતા ૦૧) મળી કુલ ૦૮ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૫૪૧ સેમ્પલમાંથી ૦૮ કેસ પોઝેટિવ આવ્યા હતા.

# ફાસ્ટ ટેગ ફરજિયાત કરવા સામે કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતનો વિરોધ

## કલેકટરને આવેદનપત્ર આપી લોકોની લાગણીઓ વ્યક્ત કરતા જિલ્લા પંચાયત સદસ્યો

કેન્દ્ર સરકારે ૧લી જાન્યુઆરીથી દેશભરમાં ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગ ફરજિયાત કર્યુંછે. અને કેશ ટ્રાન્ઝેક્શન પર પ્રતિબંધ મૂક્યો છે. જે વ્હિકલ પર ફાસ્ટટેગ નહીં હોય તેને ત્રણ ગણો દંડ ભરવો પડશે. કેન્દ્ર સરકારના આ તઘલખી નિર્ણય સામે બનાસકાંઠા જિલ્લા પંચાયતના કોંગ્રેસના સદસ્યોએ વિરોધ કર્યો છ. તેઓએ કલેકટરને આવેદનપત્ર આપી આ નિર્ણયનો વિરોધ કરી છૂટછાટ આપવાની માંગ કરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા પહેલી જાન્યુઆરીથી દેશભરમાં ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગ ફરજિયાત કરવામાં આવેલ છે. જેમાં કેશ ટ્રાન્ઝેકશન પર પ્રતિબંધ મૂકી જે વ્હિકલ પર ફાસ્ટટેગ નહીં હોય તેને ત્રણ ગણો દંડ ભરવો પડશે તેવો કઠોર નિર્ણય લેવાયો છે.

જેના વિરોધમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતના કોંગ્રેસના



સદસ્યોએ આજે કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યુ હતું. કોંગ્રેસના જણાવ્યા મુજબ કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર આવા તઘલખી ફરમાન દ્વારા માત્રને માત્ર લોકોના ખિસ્સા ખંખેરવાનું કામ કરી રહી છે. ટોલ પ્લાઝા પરથી વાહન પસાર થાય એટલે બેક્રમાંથી તેનો ટેક્સ આપોઆપ કપાઈ જશે. જેના કારણે તો ટોલનાકા આસપાસ રહેતા ગ્રામજનો કે જેઓને દિવસમાં બેથી ત્રણ વાર ટોલ પરથી પસાર થવાનું રહેશે તેવોને પણ આ ટોલટેક્સ ચૂકવવાની ફરજ પડશે. જેના કારણે આ આમઆદમી ત્રાહિમામ પોકારી ઉઠશે.

કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારે માસ્ક ન પહેરનાર લોકોને પણ પૈસા વસૂલી માસ્ક પહેરાવવાને બદલે માસ્કના નામે રૂપિયા એક હજારની રકમનો દંડ ફટકારી પ્રજાના ખિસ્સામાં થી કરોડો રૂપિયા ખંખેરી લીધા છે. ત્યારે ભાજપ સરકારની લોકવિરોધી તાનાશાહી સામે અવાજ ઉઠાવતા કોંગ્રેસના સભ્યોએ આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી તેઓની આ માગણી અને લાગણી સરકાર સુધી પહોંચાડવાની વાત કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં રામ જન્મભૂમિ ક્ષેત્રે નિધિ સમર્પણ અભિયાન સફળ બનાવા મોડાસામાં કાર્યાલય ખુલ્લું મુકાયું

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ હેતુ મકરસંક્રાંતિથી માઘ પૂર્ણિમા સુધી વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચલાવવાનું છે તે અભિયાનના હેતુસર શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ દ્વારા જિલ્લામાં કાર્યાલયનો શુભારંભ કરવામાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જય શ્રીરામના નારાથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું.

હિન્દુ સમાજના ૪૯૨ વર્ષના સંઘર્ષ બાદ શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામનું મંદિર આકાર લઈ રહ્યું છે. હિન્દુ ધર્મ ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીક સમાન આ મંદિર વાસ્તુકલામાં પણ અદ્વિતીય હશે. આ ભવ્ય મંદિરના નિર્માણ હેતુ આગામી મકરસંક્રાંતિથી માંગ પૂર્ણિમા સુધી સમગ્ર દેશના ૨૮ કરોડ કરતા વધુ પરિવારોને જોડાવાના લક્ષ્ય સાથે એક વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચાલવાનું છે. આ અભિયાનના સંચાલન હેતુ શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ અરવલ્લી જિલ્લા કાર્યાલયનો શુભારંભ બિલેશ્વર ધામ વડીયાવિરના શંતિગીરીજી મહારાજ, અયોધ્યા ધામ શ્રીરામજી મંદિર સુંદરપુરાના શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર



કેશવદાસજી મહારાજ, શ્રી રામજી મંદિર ધનસુરાના શ્રી પૂરણશરણદાસજી મહારાજ અને ખાકચોક શામળાજીના હરિકિશોરદાસજી મહારાજના હસ્તે કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યું. ઉદઘાટન બાદ ધર્મસભામાં સંતોએ માર્ગદર્શન આપ્યું હતું. ૪૯૧ વર્ષના સંઘર્ષના પરિપાકરૂપે ૭૬ યુદ્ધોમાં વીરગતિ પામનાર શ્રદ્ધેય બલિદાનીયો, બલિદાની કારસેવકોને યાદ કરવામાં આવ્યા હતા. અભિયાન સમિતિના સંયોજક સંજયભાઈ વ્યાસે અરવલ્લી જિલ્લામાં ઘર ઘરનો સંપર્ક કરી રામ જન્મભૂમિ પર રામ લલ્લાનું ભવ્ય મંદિર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ અભિયાનમાં તન મન ધનથી આ અભિયાનમાં જોડાવા માટે અપીલ કરી હતી. શ્રી રામ જન્મભૂમિ નિધિ સંગ્રહમાં અયોધ્યા ધામ, સુંદરપુરાના શ્રી શ્રી ૧૦૦૮ મહા મંડલેસ્વર કેશવદાસજી મહારાજ દ્વારા ૧,૦૧,૦૦૧ રૂપિયા નિધિ સમર્પણ સ્વરૂપે અર્પણ કર્યા હતા. કાર્યાલયના શુભારંભમાં ઉદઘાટનમાં સમગ્ર હિન્દુ સમાજના લોકો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.





## પોલીસના ચુસ્ત પાલનથી લાખણીના ગેળા હનુમાન મંદિરે ભાવિકોની પાંખી હાજરી

લાખણી તાલુકાના ગેળા ગામે આવેલ હનુમાનજીનું મંદિર શ્રીફળના પહાડને લઈ વિખ્યાત બન્યું છે. જ્યાં ભાવિકોની રોજીંદી અવરજવર રહે છે પરંતુ શનિવારે દૂરદૂરથી ઉમટી પડતા ભાવિકોને લઈ મેળા જેવો માહોલ જામે છે. જો કે હાલમાં કોરોનાને હરાવવા સરકારે ગાઈડલાઈન બહાર પાડી દરેકને માસ્ક પહેરવા સાથે સોશ્યલ ડિસ્ટન્સનનું પાલન કરાવવા પોલીસને તાકીદ કરી છે. તેથી લોકોને ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. ખાસ કરીને આસ્થા સ્થાનક ગણાતા મંદિરોના સંચાલકોને પણ તેનું પાલન કરવા અપીલ કરાઈ છે જેના પગલે શનિવારે ઉમટી પડતી ભીડને ધ્યાને લઈ ગેળા ગ્રામ પંચાયતના ડે. સરપંચ અને આગેવાનોએ થરાદ પોલીસને બંદોબસ્ત રાખવા રજુઆત કરી હતી. જેથી વહેલી સવારથી ગેળા બીટ જમાદાર પ્રતાપસિંહ પરમાર અને દેવગર બાપજીએ લાખણી બસ સ્ટેન્ડ ઉપર નાકાબંધી ગોઠવી હતી. અને ગેળા તરફ જતા વાહનોને રોકી દીધા હતા. ભાવિકોના ટોળાને પણ સમજાવીને પરત મોકલી દીધા હતા. તેથી એકલ દોકલ ભાવિકને બાદ કરતાં મંદિરમાં ભાવિકોની પાંખી હાજરી જોવા મળી હતી. પણ કોરોના સંક્રમણને રોકવા પોલીસની કામગીરીને ગામલોકોએ બિરદાવી હતી.

# ઉત્તર ગુજરાત યુનિ.માં વિજ્ઞાન વિદ્યાશાખામાં ડીન તરીકે પ્રિ. ડૉ જગદીશ પ્રજાપતિની નિમણૂંક

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાની કોલેજોને સમાવતી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.માં જુદીજુદી વિદ્યા શાખામાં કુલપતિશ્રી દ્વારા જે તે વિદ્યાશાખાના અધ્યક્ષની નિમણુંક થતી હોય છે. વિજ્ઞાન વિદ્યાશાખામાં અગાઉ નિમાયેલ અધ્યક્ષ (ડીન)નો કાર્યકાળ પૂરો થતાં કુલપતિશ્રી પ્રો. ડૉ. જે. જે. વોરા સાહેબે થરાદની સરકારી કૉલેજના નવનિયુક્ત આચાર્ય ડૉ જગદીશ એચ પ્રજાપતિ (શિ.સે. વર્ગ-૧)ની યુનિ.ની વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન તરીકે નિમણૂક કરેલ છે. પ્રા. ડૉ જગદીશ પ્રજાપતિ આ પહેલાં ભૌતિકશાસ્ત્ર વિષયના બોર્ડ ઑફ સ્ટડીઝના ચેરમેન તરીકે સર્વાનુમતે વરાયા હતા.

કુલપતિશ્રી દ્વારા યુનિ. સંલગ્ન ભવનો અને કોલેજો સાથે સેવારત અધ્યાપકો તથા આચાર્યશ્રીઓની અભ્યાસ સમિતિના સભ્યોની વરણી થાય છે અને ત્યાર બાદ આ અભ્યાસ સમિતિઓના અધ્યક્ષ ચુંટાયા બાદ તેઓમાંથી કુલપતિશ્રી દ્વારા ત્રણ વર્ષ માટે જે તે વિદ્યાશાખાના ડીનની નિમણુંક થતી હોય છે. આ વર્ષે ભૌતિકશાસ્ત્ર વિષય વારો આવતો હોઈ હે ઉ ગુ યુ પાટણના કુલપતિશ્રી પ્રો. વોરા સરએ પ્રિ. ડૉ. જગદીશ પ્રજાપતિની સાયન્સ ફેકલ્ટીના ડીન તરીકે નિમણુંક કરતાં ઉત્તર ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વર્તુળોમાં આનંદનો માહોલ સર્જાયો હતો અને સૌ અધ્યાપકમિત્રો, શિક્ષણવિદો અને હિતેચ્છુઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રિ. ડૉ. જગદીશ પ્રજાપતિએ ડીન તરીકેની નિમણૂંક અંતર્ગત કુલપતિશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે સાયન્સ ફેકલ્ટીના ડીન તરીકે કુલપતિશ્રીએ મારી પસંદગી કરી મૂકેલ વિશ્વાસને સાર્થક કરવા સતત પ્રયત્નશીલ રહીશ. કુલપતિશ્રીના માર્ગદર્શનમાં સૌ અધ્યાપકોના સાથ સહકારથી નવી શિક્ષણનીતિના સંકલ્પો સાથે અભ્યાસક્રમો ગઠિત કરી યુનિ.ની ગરિમા વધે તેવા પ્રયત્નો કરીશું તેમ તેઓએ જણાવ્યું હતું.

# અકસ્માતની ભીતિ સેવતા તાલેપુરાના ગ્રામજનોએ પોલીસવડાને આપ્યું આવેદનપત્ર

## ખનીજ ચોરી કરી બેફામ દોડતા વાહનો અકસ્માત સર્જતાં હોવાની રાવ

ધાનપુરા નદીમાંથી ખનીજ ચોરી કરતા વાહનોના બેફામ ડ્રાઈવિંગથી અકસ્માતની દહેશત વચ્ચે તાલેપુરાના ગ્રામજનો આજે પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ આ રોડ ઉપરથી પસાર થતા રેતીના ડમ્પરો બંધ કરવાની માંગ સાથે પોલીસવડાને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. અને ન્યાય નહીં મળે તો કલેકટર ઓફિસ આગળ પરિવાર સાથે ધરણાં યોજવાની ચીમકી ઉચ્ચારી હતી.

ડીસા તાલુકાના ધાનપુર થી થેરવાડા રોડ પર આવેલ પ્રાથમિક શાળા તથા મંદિરો વચ્ચે થઈને એક રોડ પસાર થાય છે. જે રોડ ઉપર ધનપુરાની નદીમાંથી રેતી કપચી ભરી ડમ્પરો દોડે છે. જેના ચાલકો આડેધડ ડ્રાઈવિંગ કરે છે. જેના કારણે ગામમાં શાળામાં અભ્યાસ કરતા બાળકો તથા મંદિરોમાં આવતી ધાર્મિક પ્રજા ઘણી વાર તેને અડફેટે ચડી જાય છે. અને માતેલા સાંઢની જેમ દોડતા વાહનોની અડફેટે નિર્દોષ બાળકો મોતના



મુખમાં ધકેલાઈ જવાની દહેશત સર્જાઈ છે. થેરવાડા મુકામે ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકો પણ સાયકલ લઈને જતા હોય છે. ત્યારે અકસ્માતની ભીતિને કારણે વિધાર્થીઓના વાલીઓ ને ચિંતા કોરી ખાય છે.

આમ બેફામ દોડતા ડમ્પર બંધ કરવાની માંગણીને લઈને આજે તાલેપુરા ગામના ગ્રામજનો પાલનપુર દોડી આવ્યા હતા. ત્યાં જેઓએ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર સુપ્રત કરી ડમ્પરોને બંધ કરાવવાની માંગ કરી હતી. તેઓએ પોતાની માંગણી નહી સંતોષાય તો પરિવાર સાથે કલેક્ટર ઓફિસ આગળ આવી ધરણાં યોજવાની ચીમકી ઉચ્ચારી હતી.

# કણબીયાવાસમાં મર્ડર કેસમાં આરોપીને આજીવન કેદની સજા

દાંતા તાલુકાના કણબીયાવાસ ગામમાં કાકાના દીકરાએ હુમલો કરતા ભાઈનું મોત નિપજયું હતું. જે કેસ સાતમાં એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે આરોપીને કલમ ૩૦૨ મુજબ તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દાંતા તાલુકાના કણબિયાવાસ ગામના જેથાભાઈ ભેમાભાઈ ભેમિયાત ગત તારીખ ૨૮-૧૨-૨૦૧૭ના રોજ તેમના કુટુંબના માણસો સાથે વાગોળવા ગામે પોતાની પત્ની અને કાકાઓ સાથે પોતાની દીકરીનું સગપણ જોવા સારું જઈને પરત ફરતા હતા. દરમ્યાન સાંજના સમયે તેઓ ઘરે જતા હતા ત્યારે તેઓએ તેમના કાકા આરોપી ફુલાભાઈ અનાભાઈને કહેલ કે મારા બાપા ભેમાભાઈ મરણ થયેલ તેના બારમાના ઘર દીઠ રૂપિયા ૬૦ તમે લઈ આવો. જેથી આરોપી ફુલાભાઈ તથા તેમનો દીકરો દલજીભાઈ બંને જણાએ ફરિયાદી ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા ફરિયાદી અને તેમની પત્નીએ ગાળો બોલવાની ના પાડતાં આ બંને જણા ઉશ્કેરાઈ ગયા હતા. જેઓએ, ફરિયાદીને કહ્યું હતું કે, કુટુંબના માણસો પૈસા આપવાની ના પાડી તો અમે ક્યાંથી લાવીએ તેમ કહી આરોપી નંબર-૧ કાકાનો દિકરો દલજીભાઈ ફુલાભાઈ એ ફાટમાંથી છરી કાઢી અને હુમલો કર્યો હતો. જેના કારણે ફરિયાદીને ગંભીર ઈજાઓ થતા તેને દાંતા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે પાલનપુર મોકલ્યો હતો.